

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

# ધનવાન, શ્રીમાન, લક્ષ્મીવાન

**એવું પણ કહેવાય છે કે લક્ષ્મીજી જ્યારે અતિ પ્રસન્ન થાય છે ત્યારે માણસના બરડામાં મુક્કો મારીને હસે છે. એટલે કદાચ જેની પાસે અધિક નાણાં હોય છે તેઓ છાતી તાણીને ચાલતા હોય છે**

આજકાલ સમાજમાં નાણાંનું મહત્ત્વ વધારે દેખાય છે. જેની પાસે વધારે નાણાં છે તેનું સમાજમાં ચોક્કસ મહત્ત્વ પણ દેખાય છે. એને સમાજની વ્યવસ્થાઓના વિશેષ લાભ પણ મળે છે. પૈસાદાર લોકો વિશેષ સગવડો પામે છે એટલે જ લોકો વધારે નાણાં કમાવાની દોડમાં સામેલ છે. અહીં નાણાં વિશે લખવું નથી પણ નાણાંની દેવી ગણાતાં લક્ષ્મીજી વિશે વાત કરવાની છે. કોઈ પણ જીવ માટે ઉપયોગી બનાવવાની ક્ષમતાને લક્ષ્મી કહેવામાં આવે છે. આમ તો પ્રચલિત રીતે ‘લક્ષ્મી’ શબ્દ સંપત્તિ માટે વપરાય છે. ધનસંપદા માત્રામાં અલ્પ હોવા છતાં પણ એનો સત્કાર્યોમાં ભરપૂર ઉપયોગ કરવો એ એક વિશિષ્ટ કલા છે. લક્ષ્મી જ્યાં આવે છે એને લક્ષ્મીવાન, શ્રીમાન કહેવામાં આવે છે. અમીર લોકોને ધનવાન કહેવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં, ખાસ કરીને હિન્દુ પ્રજાએ સ્ત્રી શક્તિને વિવિધ દેવીઓ તરીકે સ્વીકારી અને પૂજી છે. દરેક દેવીને અલગ અલગ કાર્યો માટે સ્થાપી છે. જેમ કે સરસ્વતી એ વિદ્યાની દેવી છે. કલાસાધકો સરસ્વતીની પૂજા કરે છે. એવી રીતે દુર્ગા, અંબાજી, આશાપુરા એ શક્તિની દેવીઓ છે. શારીરિક સામર્થ્ય અને વિજયના વરદાન આ દેવીઓ પાસેથી મળે છે. તેમ જગતનું ચાલક બળ મનાતા નાણાંનું આધિપત્ય લક્ષ્મીજી ભોગવે છે. નાણાં કમાવા ઈચ્છતાં લોકો લક્ષ્મીજીની પૂજા કરે છે. હિન્દુ ધર્મમાં દરેક દેવીનું અલગ અલગ સ્વરૂપ, જુદાં જુદાં આયુધો અને જુદાં જુદાં તેમના વાહનોની વિભાવના પણ છે. દરેક દેવી બેઠેલા કે ઊભેલા જોવા મળે છે. સામાન્ય રીતે લક્ષ્મીજીનું કોઈ વાહન નથી, તેમ તેમના હાથમાં કોઈ આયુધ પણ નથી. આ દેવી રીઝે તેને માલામાલ કરી દે છે, તેવાં લક્ષ્મીજી. લક્ષ્મી ચાલ્યા ગયા પછી કોઈ માણસ તેમને દોષ દેતો નથી. દિવાળીના તહેવાર વખતે સૌને લક્ષ્મીજી ખાસ યાદ આવે છે.

લક્ષ્મીજીનું સ્વરૂપ અન્ય દેવીઓ કરતાં જરા જુદી જાતનું છે. તેઓ સૌમ્ય છે, તેમનું રૌદ્ર સ્વરૂપ જોવા મળતું નથી. તેમનો ચહેરો પણ મોહક છે. એવું કહેવાય છે કે દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં અને ભગવાન વિષ્ણુને વર્યાં. એક અર્થમાં તેઓને દરિયાની દીકરી કહી શકાય. દેવી લક્ષ્મીને કમળના પુષ્પ સાથે સીધો સંબંધ છે. લક્ષ્મીજી કમળના ફૂલની મધ્યમાં ઊભેલાં જોવા મળે છે. લક્ષ્મીજી બેઠેલી અવસ્થામાં ક્યારેક જ દેખાય છે એટલે જ લક્ષ્મીને ચંચળ કહેવાય છે પરંતુ લક્ષ્મીજીના આસનસ્થ સ્વરૂપને મહાલક્ષ્મી કહેવાયું છે. લક્ષ્મીજીના અન્ય કેટલાંક નામો પણ છે. જે ખાસ શ્લોકો અને પ્રસંગોમાં ઉચ્ચારાય છે. જેમ કે પદ્મા, પદ્મપ્રિયા, પદ્મમાલધારાદેવી, પદ્મમુખી, પદ્માક્ષી, પદ્મસ્થા, પદ્મસુંદર્વિશ્નુપ્રિયા, ઉલ્કાવાહિની, રમા, ઈંદિરા, મનુશ્રી, કમલીકા, લાલીમા, નંદિકા, રાજુલા, વૈશ્નવી, નારાયણી, ભાર્ગવી, શ્રીદેવી, ચંચલા, જલજા, ઐશ્વર્યા, જગનભાતા.

વ્યવહાર જગતમાં લક્ષ્મી અન્ય નામે પણ ઓળખાય છે. ધન એટલે કે નાણાંને પણ લક્ષ્મી કહેવામાં આવે છે પરંતુ નાણું અને લક્ષ્મી બેય એક ન હોઈ શકે. નાણું બૌધ્ધિક મનુષ્યે ઊભી કરેલી એક વ્યવસ્થા છે. તે ચલિત છે, તે અનેક સ્વરૂપે છે અને તેની કિંમત પણ અસ્થિર છે. દેવી લક્ષ્મી મનુષ્યને ઐશ્વર્ય આપનાર દેવી ગણાય છે. જેને અંગ્રેજીમાં Goddess of wealth કહેવાય છે. ધનવાન માણસને લક્ષ્મીવાન ન કહી શકાય, તેને લક્ષ્મીના કૃપાપાત્ર જરૂર કહી શકાય. એક એવી માન્યતા પણ છે કે લક્ષ્મીની કૃપા જ્યાં હોય તે સ્થળ પવિત્ર અને આભામય હોય છે. જ્યાં ગંદકી, આળસ અને કુવિચાર છે ત્યાં લક્ષ્મીનો વાસ નથી હોતો, હા ધન હોઈ શકે છે. એટલે જ વેપારીઓ સવારે પોતાની દુકાન ખોલે છે ત્યારે દુકાનની સફાઈ કરે છે.

સામાન્ય રીતે તમામ દેવીદેવતાઓનાં સ્વરૂપો તેમનાં વાહન સાથે જોવા મળે છે પરંતુ લક્ષ્મીજી ક્યારેય પોતાના વાહન સાથે જોવા મળતા નથી પરંતુ બંગાળમાં લક્ષ્મીજી નિશાચર પક્ષી ઘુવડ સાથે દેખાય છે. બંગાળમાં ઘુવડને લક્ષ્મીજીનું વાહન માનવામાં આવે છે. સૌ જાણે છે કે ઘુવડ દિવસના પ્રકાશમાં જોઈ શકતું નથી પરંતુ રાતે તેની દૃષ્ટિ તીવ્ર બની જાય છે. જો કે ઉત્તર અને પશ્ચિમ ભારતમાં કેટલાક લોકોની અંધશ્રધ્ધાને કારણે ઘુવડને લક્ષ્મી મેળવવાની વિધિઓ માટે મારી નાંખવામાં આવે છે. મેલીવિદ્યા કહેવાતી વિધિઓમાં ઘુવડનાં હાડકાંનું ચોક્કસ મહત્ત્વ ગણાય છે. એ વિધિ કાળીચૌદશની રાતે કરવામાં આવે છે. દાટેલું ધન મેળવવા કરવામાં આવતી વિધિમાં પણ ઘુવડના માથાનાં હાડકાંનો ઉપયોગ થાય છે. જો કે ગુજરાત, મહારાષ્ટ્ર, તેમ જ અન્ય ઉત્તર ભારતીય પ્રાંતોમાં એવી માન્યતા છે કે અમાસની રાતે જેને ઘેર દીવા પ્રગટેલા હોય છે, લક્ષ્મી એ ઘેર જાય છે. એવું પણ કહેવાય છે કે લક્ષ્મીજી જ્યારે અતિ પ્રસન્ન થાય છે ત્યારે માણસના બરડામાં મુક્કો મારીને હસે છે એટલે કદાચ જેની પાસે અધિક નાણાં હોય છે તેઓ છાતી તાણીને ચાલતા હોય છે.

# ઉત્તર ગુજરાતમાં પરંપરાગત જળમાર્ગ અટક્યા, ગામો ડૂબ્યાં

ઉત્તર ગુજરાત અને કચ્છનો સરહદી વિસ્તાર ફરી એકવાર પૂરની વિપત્તિથી ઝઝૂમી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લાનો વાવ, સુઈગામ અને થરાદના કેટલાક ગામો તેમજ પાટણના સાંતલપુરના તેમજ કચ્છના રાપરના કેટલાંક ગામોનો વિસ્તારો પાણીમાં ગરકાવ થયો. ઘણા ગામોમાંથી પાણી ઓસર્યા જ્યારે કેટલાંકમાંથી પાણી નીકળતા મહિનાઓ લાગશે. ખેતરોમાં વાવેલો પાકો બગડી ગયો, નાના દુકાનદારો અને મજૂર પરિવારોની રોજીરોટી છીનવાઈ ગઈ અને કેટલાંય લોકો એક જ રાતમાં બેઘર બની ગયા. સરકારી નિશાળ કે પોતાના સંબધીઓના ત્યાં એમને આશરો લેવો પડ્યો.

આવી સ્થિતિ પહેલીવાર નિર્માણ નથી પામી! 2015 પછી 2017 અને હવે 2025માં એકવાર ફરી પાણી ભરાયા. અલબત્ત અગાઉ કરતા આ વર્ષે વધારે પાણી આવ્યાનું ગામલોકોએ કહ્યું. એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી ઘણી આગળ વધી ચૂકી છે છતાં આ સ્થિતિ નિર્માણ કેમ પામી?

જ્યાં પૂરની સ્થિતિ સર્જાઈ એ બધા વિસ્તારો વરસાદી પાણીને રણથી આગળ દરિયામાં લઈ જતા માર્ગોમાં આવતા. કુદરતી વહેણ સદીઓથી ગામો અને ખેતરોને સુરક્ષિત રાખતા. પણ આ વહેણની અવગણના થઈ. છેલ્લા બે દાયકામાં જે રીતે રોડ, નહેરો અને બીજી રચનાઓ બની, તેમાં આ કુદરતી જળમાર્ગો અવરોધાયા. નર્મદાની નહેરો, પક્કા રસ્તા અને ક્યાંક-ક્યાંક બંધ જેવી રચનાઓ યોગ્ય જળનિકાસની વ્યવસ્થાઓ ઉભી કર્યા વગર થયા. પરિણામે, પાણીનો રસ્તો અટકી ગયો અને વરસાદનું પાણી ગામમાં જ રોકાઈ ગયું ને યુરોપના વેનીસ જેવી સ્થિતિ થઈ.

એન્જિનિયરિંગની ભાષામાં જેને આપણે ડ્રેનેજ પ્લાનિંગ કહીએ જે કોઈ પણ મોટા પ્રોજેક્ટમાં સૌથી મહત્વનું હોય એ આ વિસ્તારોમાં ચુકાયું. બનાસકાંઠાના ભરડવાથી અમે સાંતલપુરના માર્ગે જઈ રહ્યા હતા. વચમાં લગભગ સો મીટર પહોળો વહોળો આવે. આ વહોળામાંથી અવરજવર માટે રોડ બનાવ્યો. જેની નીચે કેટલાક નાળા મૂક્યા છે. પણ આ નાળા મોટી માત્રામાં આવતા પાણીને રણ તરફ લઈ જવા અસક્ષમ. અહીંયા અમે ઘણી મોટી સંખ્યામાં તણાઈને આવેલી મૃત અવસ્થામાં ઘણી ગાયો, ભેંસો જોઈ. તણાઈ ગયેલી ભેંસો ક્યાંથી તણાઈને આવી એ ખ્યાલ નથી. જે ખેડૂતનું પુશુધન પૂરમાં તણાયું એને સરકાર મદદ કરે પણ વહોળામાં પડેલા પશુધન કોના? એક રીતે ખેડુતો પર તો બમણો માર. પૂરની સૌથી મોટી અસર ખેડુતો પર પડી. તેમના ખેતરમાં જ્યાં મોલ ઊભો હતો તે ખેતરો તળાવમાં ફેરવાઈ ગયા.



**આવી સ્થિતિ પહેલી વાર નિર્માણ નથી પામી ! 2015 પછી 2017 અને હવે 2025માં એક વાર ફરી પાણી ભરાયા. એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી ઘણી આગળ વધી ચૂકી છે છતાં આ સ્થિતિ નિર્માણ કેમ પામી?**

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

આમ તો જ્યાં વરસાદી પાણી ભરાયા છે એમાંનો ઘણો વિસ્તાર ખારાશ વાળો. સતત વરસાદી પાણી પડી રહેશે તો જમીનની નીચેથી ખારાશ ઉપર આવશે ને એ જમીનને પણ નુકશાન કરશે. ખેડૂતોને આમ પણ ખેતી પોષાતી નથી આવામાં પડ્યા પર પાટુ જેવી સ્થિતિ. વારંવાર આ પ્રકારની સ્થિતિ નિર્માણ પામે તો કંટાળીને ખેડૂત ખેતી મુકવાનું કરશે. ખેડૂતોની સાથે ખેત મજૂરી પર નભનારા જમીન વિહોણા પરિવારોને તો દોઢ બે મહિના ખેતીકામ નહીં મળે. એમને ઘર કેમ ચલાવવું એ પ્રશ્ન. ઘણા ગામોમાં નાના દુકાનકારોના ઘરોની સાથે સાથે એમની દુકાનોમાં પાણી ભરાયા. એ દુકાનમાં રહેલો સામાન પણ બહાર ન કાઢી શક્યા. એક રીતે જુઓ તો આ બધાની જિંદગી એક જ રાતમાં બદલાઈ ગઈ. જેઓ માટીના ઘરોમાં રહેતા હતા તેમાંના કેટલાકના મકાનો તૂટી પડ્યાં. ખેડૂતોના ઘરમાં પાણી ભરાતા તેમના ઘરમાં મુકેલા હજારો મણ અનાજ પલળી ગયા. કેટલાકની તો ઘરવખરી સાથે ઘણું તણાઈ ગયું. કેટલાક ગામોમાં લોકો ત્રણ ચાર દિવસ માત્ર બિસ્કીટ ને પડિકાના સહારે જીવ્યા.

આપણે સેટેલાઈટથી હવામાનની દરેક હરકત જોઈ શકીએ છીએ, આપણી પાસે GPS મેપિંગ અને હાઈડ્રોલોજીકલ મોડેલિંગ જેવી ટેક્નોલોજી ઉપલબ્ધ છે, ત્યારે પણ જો આ પ્રકારની સ્થિતિ વારંવાર ઉદભવે છે તો આપણે આયોજનમાં ઊણા છીએ એ સમજવું જોઈએ. આપણા ત્યાં જે પણ યોજનાઓ લોકોને વધારે સુખ સગવડ મળે તે માટે બની તેમાં ડ્રેનેજ પ્લાનિંગને પ્રાથમિકતા આપવામાં ન આવી એનું આ પરિણામ.

પાટણના સાંતલપુરના વૌવાગામમાં પણ પૂરે ખૂબ નુકશાન કર્યું. એ ગામના લોકોએ કહ્યું, અમારા ગામથી છેટે નર્મદા પર જો સમયસર પાણી માટે અલગ રસ્તાઓ બનાવવામાં આવ્યા હોત, તો આજે આ પરિસ્થિતિ ન હોત.

હવે માત્ર રાહત કાર્ય પૂરતું નહીં, પણ લાંબા ગાળાના ઉકેલ પર વિચારવું જોઈએ. તેના માટે કેટલાક પગલાં આવશ્યક છેઃ **1. જળ વહેણનો વૈજ્ઞાનિક સર્વે** - સમગ્ર વિસ્તારનો હાઈડ્રોલોજીકલ સર્વે કરીને નક્કી કરવું કે વરસાદી પાણીનો કુદરતી માર્ગ ક્યાંથી ક્યાં છે. **2. ડ્રેનેજ ચેનલનું નિર્માણ** - રોડ અને નહેરો સાથે એવા ચેનલો બનાવવામાં આવે જે પાણીનો વહેણ અટકાવવાને બદલે આગળ ધપાવી શકે. **3. સ્થાનિક સ્તરે જળ વ્યવસ્થાપન** - ગામોના તળાવો અને ચેકડેમો એવી રીતે ડિઝાઈન કરવામાં આવે કે તે પાણી અટકાવવાને બદલે વહેણને મદદરૂપ બને. **4. નીતિગત ફેરફાર** - વિકાસની દરેક યોજનાને “ફ્લડ ઈમ્પેક્ટ એસેસમેન્ટ”માંથી પસાર થવું ફરજિયાત બનાવવું. **5. સમુદાયની ભાગીદારી** - પોતાની જમીન અને પાણી વિશે સૌથી વધારે જ્ઞાન ધરાવતાં સ્થાનિક લોકોને યોજના અને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવાં.

ઉત્તર ગુજરાત અને કચ્છનો આ સંકટ આપણને ચેતવણી આપે છે કે માત્ર રચનાઓ ઊભી કરી દેવાથી વિકાસ થતો નથી. સાચો વિકાસ ત્યારે થાય છે, જ્યારે આપણે કુદરતના નિયમોને સમજીને તેની સાથે તાલમેલ બેસાડીએ. વરસાદી પાણીનો પોતાનો રસ્તો છે, અને જો આપણે તેને રોકીશું, તો તેનું રોષ દરેક વખતે પૂર રૂપે સામે આવશે.